ગાંધીનગર શહેર કોરોના પ્રસાર મામલે હોટસ્પોટ

આજથી મોલ-કરિયાણાની દુકાનો બંધ, દૂધના કેન્દ્રો પણ સવારે ૫ થી ૮ જ ચાલુ રહેશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર કોરોના વાયરસના પ્રસાર મામલે હોટ સ્પોટ તરીકે જાહેર થયા બાદ હરકતમાં આવેલ મનપાના તંત્રએ શહેરની તમામ કરિયાણાની દુકાનો પણ બંધ કરવાના આદેશો જારી કર્યા છે તેમજ દૂધના કેન્દ્રો અને પાર્લર પણ સવારે ૫ થી ૮ દરમ્યાન જ ખુલ્લા રહેશે.

આજે આ નિર્ણયની જાહેરાત જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય, મ્યુનિ. કમિશ્નર ડૉ. રતનકુંવર ગઢવી (ચારણ), જિલ્લા પોલીસવડા મયુરસિંહ ચાવડા અને મેયર રીટાબેન પટેલ દ્વારા યોજાયેલી સંયુક્ત પત્રકાર પરિષદમાં કરાઈ છે. તેમણે જણાવ્યુ હતુ કે કરિયાણુ કે અન્ય જીવન જરૂરિયાતની વસ્તુઓ હોમ ડીલવરીથી જ પહોંચાડવામાં આવશે.

મેયર રીટાબેન પટેલે જણાવ્યું હતું કે, હજુ અમુક વિસ્તારમાં લોકડાઉનને નબળો પ્રતિસાદ મળી રહ્યો છે. નાગરિકોને ઘરની બહાર ન નીકળવા માટે સૂચના અપાઈ છે, પરંતુ તેનો ચુસ્ત અમલ થતો નથી. લોકડાઉનના સંપૂર્ણ અમલ માટે મંગળવારથી મોલ અને કરિયાણાની દુકાનો સર્દતર બંધ રાખવામાં આવશે. આ સાથે તેમણે પોલીસ, ડૉક્ટરો અને સરકારી અધિકારીઓને સહકાર આપવા માટે નગરજનોને વિનંતી કર છે. લોકડાઉનનો કડકાઈપૂર્વક અમલ કરવાના નિર્ણયનો પુનરોચ્ચાર કરતાં કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, લોકો ક્ષુલ્લક કારણો લઈને ભેગાં થઈ રહ્યા છે અને ઘરની બહાર ફરવાના પ્રયાસ કરે છે. જેથી હવે લોકડાઉનનો કડકાઈથી અમલ કરવા માટે છૂટક વેચાણ કરતી તમામ દુકાનોને બંધ રાખવાની ફરજ પડી છે. કરિયાણું લેવા જઈએ છીએ તેવું બહાનું કરીને અનેક લોકો લોકડાઉનનો ભંગ કરી રહ્યા છે. આવું બહાનું કોઈ વ્યક્તિ ન કરી શકે તે માટે આ નિર્ણય લેવાયો છે. કરિયાણાની કે દવાની દુકાનો પર અથવા દૂધ કેન્દ્રો પર વધુ ભીડ થતી હોય તો તંત્ર દ્વારા પગલા લેવામાં આવે છે. પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા ભીડ રોકવા માટે શક્ય તમામ પ્રયાસ થઈ રહ્યા છે.

કરિયાણાની દુકાનો અને મોલ સર્દતર બંધ રાખવા અને દૂધ કેન્દ્રોને સવારે ત્રણ કલાક માટે જ મંજૂરી આપવા સંદર્ભે કલેક્ટરે સ્પષ્ટતા કર હતી કે, ઉક્ત નિયંત્રણ માત્ર ગાંધીનગર મ્યુનિ. વિસ્તાર માટે છે. જિલ્લાના અન્ય સ્થળો પર કરિયાણાની દુકાનો કે દૂધ કેન્દ્રો રાબેતા મુજબ ચાલુ રહેશે. ઉલ્લેખનીય છે કે, લોકડાઉન દરમિયાન જીવન જરૂરી ચીજ વસ્તુઓની અછત ન સર્જાય તે માટે તંત્ર દ્વારા છૂટક અને હોલસેલ વેપારીઓને મંજૂરી આપવામાં આવી છે. જરૂર પડ્યે પોલીસ રક્ષણ હેઠળ માલ-સામાન લાવવાની સુવિધા પણ આપવાની તૈયારી તંત્ર દ્વારા દર્શાવાઈ છે.

બે દિવસથી નવો કેસ નથી પણ સ્થિતિને તંત્રએ હળવાશથી નથી લીધી

છેલ્લા બે દિવસથી શહેરમાં એક પણ કોરોના પોઝીટીવનો કેસ ન નોંધાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે પરંતુ સ્થિતિને હળવાશથી લીધી નથી.

ગાંધીનગર જિલ્લામાં હાલ ૯ કોરોના પોઝીટીવના કેસ નોંધાયા છે. જેમાં બે દર્દી વિદેશ પ્રવાસની હિસ્ટ્રી ધરાવે છે જ્યારે સાત દર્દી લોકલ ટ્રાન્સમીશનથી આ રોગના ભોગ બન્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ ૮ દર્દી સારવાર હેઠળ છે. મળતા નિર્દેશો મુજબ ગઈકાલ બપોર પછી એક પણ શંકાસ્દ દર્દી પણ ગાંધીનગર સિવિલમાં દાખલ થયો નથી.

જો કે જિલ્લામાં અને શહેરમાં હાઉસ ટુ હાઉસ હેલ્થ સર્વે સઘન રીતે હાથ દરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં ૧૮૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યાનું મનપાના તંત્રએ જણાવ્યું છે. તંત્રએ જણાવ્યું છે કે ક્વોરોન્ટાઈન ફેસીલીટી સેન્ટર ખાતે હાલ ૨૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ બે ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ૩૦ જેટલા લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે.

શહેરમાં દવાના છંટકાવની કામગીરી પણ સઘન બનાવવામાં આવી રહી છે. મનપાના તંત્રએ આજથી આ અંગેનો કાર્યક્રમ પણ જાહેર કર્યો છે.

શહેરમાં જીવનજરૂરી ચીજવસ્તુઓ હોમડીલીવરીથી પહોંચતી કરાશે

હોમ ડીલીવરી શક્ય હોય ત્યાં સુધી વિનામૂલ્યે અથવા ઓછા ચાર્જથી કરાશે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં અનાજ-કરિયાણાની માંગને પહોંચી વળવા માટે વેપારીઓ દ્વારા હોમ ડીલીવરીથી આપવાનો નિર્ણય કરાયા બાદ હોમ ડીલીવરી માટે વધારાનો ચાર્જ ન લેવા વેપારીઓને અપીલ કરવામાં આવી છે એટલુ જ નહિ સંપૂર્ણ અમલ શક્ય ના હોય તો શક્ય તેટલો ઓછો ચાર્જ લેવા પણ કહ્યુ છે.

જિલ્લા કલેક્ટર ડૉ. આર્યએ જણાવ્યુ હતુ કે જીવન જરૂરિયાતની વસ્તુઓ કે દવા, માસ્ક અને સેનીટાઈઝરના કાળા બજાર ના થાય તે માટે તંત્ર બાજ નજર પણ રાખશે.

પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં તેમણે કહ્યું હતું કે જિલ્લા પુરવઠાતંત્રની ટીમો દ્વારા આ અંગે સતત તપાસ કરવામાં આવી રહી છે પણ કોઈ ગેરરીતિ હજુ સુધી જણાઈ નથી.

પત્રકાર પરિષદમાં કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે લોકડાઉન દરમિયાન અનેક લોકો ક્ષુલ્લક કારણો લઈને ભેગા થતા હોવાનું ધ્યાનમાં આવ્યું છે. નાગરિકોના બહાર નીકળવાના બહાના ઓછા કરવા અને ભીડ રોકવા માટે તમામ રીટેઈલ દુકાનો બંધ રાખવામાં આવશે. આ મામલે રીટેઈલ વેપારી એસોસિએશન સાથે બેઠક યોજાઈ હતી. જેમાં નગરજનોને કરિયાણાની હોમ ડિલીવરી આપવા વેપારીઓ સંમત થયા છે. વેપારીઓ દ્વારા વ્યાજબી ડિલીવરી ચાર્જ લેવામાં આવે તો વાંધો નથી, પરંતુ હોમ ડિલીવરીના નામે ઉઘાડી લૂંટ ચલાવી લેવાશે નહી. જિલ્લામાં કરિયાણાની દુકાનો પૂર્વવત રહેશે, પરંતુ ગાંધીનગર શહેરમાં આકરાં પગલાંની જરૂર છે. હવે લોકડાઉનને ૧૫ દિવસ જ બાકી રહ્યાં છે અને કોઈપણ પ્રકારની અછત સર્જાય તેવી શક્યતા નથી.

સેક્ટરોમાં શાકભાજીની લારીઓ ફરતી રહેશે

સેકટર-૨૧, સેકટર-૨૪ અને સેકટર-૭ જેવા સ્થળે આવેલા શાક માર્કેટ હાલ સર્દતર બંધ છે, પરંતુ વિવિધ સેકટરના રિંગ રોડ પર શાકની લારીઓ ઊભી રહેતી હોય છે. શાક અને ફળની લારીઓ એક જ સ્થળે ઊભી રહેતી હોવાના કારણે ત્યાં આગળ અવાર-નવાર ભીડ ઊભી થતી હોય છે. મેયરે જણાવ્યુ હતું કે, આ સ્થિતિ નિવારવા માટે રિંગ રોડ પર લારીઓને ઊભાં રહેવા દેવાશે નહીં. અછત નિવારવા માટે સેકટરના અંદરના વિસ્તારોમાં શાક-ફળની લારીઓને ફરવાની મંજૂરી અપાઈ છે. આ માટે સેકટરવાઈઝ શાકભાજીની લારીઓને મંજૂરી આપવામાં આવી છે. નિયત થયેલા વેપારીઓ પોતાના વિસ્તારમાં લારીઓ ફેરવી શકશે.

લોકડાઉનનો છઠ્ઠો દિવસ - ગાંધીનગર શહેરમાં છઠ્ઠી દિવસે પણ લોકડાઉનને સફળ બનાવવા પોલીસે ભારે જહેમત ઉઠાવવી પડી હતી... સોશ્યલ મિડીયાના આટલા પ્રચાર છતાં શિક્ષિત શહેરમાં પોલીસને લોકડાઉન સફળ બનાવવા મહેનત કરવી પડે એ ઘટના જ શરમજનક છે... ઘરે રહો સુરક્ષિત રહો....

ગ્રામ્ય વિસ્તારમાં લોકડાઉન દરમિયાન જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તે જોવાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓમાં ગ્રામ્ય વિસ્તારમાં લોકડાઉનની પરિસ્થિતિમાં દરેક ગ્રામજનોને જીવન-જરૂરિયાતની ચીજ-વસ્તુઓ સરળતાથી મળી રહે તેના સુપરવિઝન માટે અધિકારીઓની ખાસ ટીમો બનાવી છે, તેમ જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે આજે જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓને આ અંગે જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ નિયમિત રીતે જિલ્લાકક્ષાએ આ અંગેનો પોતાનો અહેવાલ આપશે. રાવલે જણાવ્યુ હતુ કે આ ટીમો આજથી કાર્યરત થઈ જશે. આ ઉપરાંત સઘન સર્વેલન્સની કામગીરી પણ હાલ જિલ્લામાં ચાલુ છે. જિલ્લાના ૨૫ થી વધુ તબીબી અધિકારીઓને ટેલી મેડિસીન માટે પાસવર્ડ આપી દેવામાં આવ્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ લોકડાઉનની અમલવારી પણ અધિકારીઓની ટીમ જોશે એટલુ જ નહિ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાનો અમલ થાય છે કે નહિ તેના માટે પણ સતત નજર રાખશે.

કોરોના સામે જંગે ચઢેલી ગુજરાતના આરોગ્ય તંત્રની ટીમના સક્ષમ સેનાપતિ ડૉ. જયંતિ રવિ

ભજ ગોવિંદમ્ ગાઈ શકવા સમર્થ સ્નેહાળ સનદી અધિકારી ડૉ. જયંતિ રવિનો રાગ ભજ કોવિંદમ્ (કોવિદ-૧૯)

એક એવા સન્નારી ગાંધીનગરમાં વસે છે જેના માટે ગાંધીનગર આજે વિશેષ ગૌરવ લઈ શકે એમ છે. અત્યારે ચૈત્રી નવરાત્રીના દિવસો ચાલી રહ્યા છે. શક્તિની આરાધનાના આ પાવન દિવસોમાં આપણે ગાંધીનગરની એક વિરલ નારી શક્તિની વાત કરવી છે જે નોવેલ કોવિદ-૧૯ કોરોના વાયરસ સામે ગુજરાતને રક્ષણ અપાવવા મથી રહેલી સેનાની સમર્થ સેનાપતિ છે. હા, હવે તો આખા રાજ્યમાં એકે એક વ્યક્તિને ખબર પડી

ગાંધીનગરને ગૌરવ છે એવા આ સનદી અધિકારી દરેક ગાંધીનગરાઓનું પોતાનું સ્વજન છે

ગઈ હશે કે આ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવિની જ વાત છે.

૧૫મી માર્ચથી કોરોનાએ ગુજરાતના દરવાજે દસ્તક દીધી છે. લગભગ ૧૫ દિવસ પહેલાંથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલ તથા આરોગ્ય વિભાગ કોરના સામે લડવાની વ્યૂહરચના માટે સજાગ થઈ ગયા. વિદેશના વરતારા અને અનુભવો આપણી સામે હતા એટલે કોરોના સામેનું યુદ્ધ કોઈપણ પ્રકારના હથિયાર વિના કેવી રીતે લડવાનું છે તેનાથી તો સૌ વાકેફ હતા જ, પરન્તુ ગુજરાતની સંસ્કૃતિ અને સમાજરચના સૌથી સાવ જ નોખા. આવી સ્થિતિમાં કોરોના જેવા વાયરસ સામે કઈ રીતે લડવાનું થશે એ વિષે તો ભાગ્યે જ કોઈને અંદાજ હશે... આમ છતાં સાચા અર્થમાં સંવેદનશીલ અને ત્વરિત નિર્ણય કરવા સમર્થ રૂપાણી સરકારે પડશે એવા દેવાશે એવી વ્યૂહરચના અપનાવીને નોવેલ કોરના વાયરસ કોવીંદ-૧૯ સામેની લડાઈનું સુકાન આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ. જયંતિ રવિના હાથમાં સોંપી દીધું.

ગુજરાતના આરોગ્ય વિભાગના સર્વોચ્ચ અધિકારી ડૉ. જયંતિ રવિને ભાગે હંમેશા અઘરા દાખલા આવ્યા છે. વર્ષ-૨૦૦૨માં અયોધ્યાથી આવતા કારસેવકોના રેલવે કોચમાં ગોધરા રેલ્વે સ્ટેશને આગ લાગી ત્યારે ડૉ. જયંતી રવિ ગોધરા કલેક્ટર હતા. આ મહિલા આઈ.એ.એસ. અધિકારીએ રાજ્ય સરકારના લગભગ તમામ મહત્વના વિભાગોમાં ફરજ બજાવી હશે... અને આજે પણ કોરોના સામે લડતા રાજયના આરોગ્યતંત્રને સમર્થ નેતૃત્વ પુરૂ પાડી રહ્યાં છે...

કોણ છે આ ડૉ. જયંતિ રવિ? આખું ગુજરાત આજકાલ જેને સાંભળવા દિવસમાં બે વખત ગુજરાતી ન્યુઝ ચેનલો સામે ગોઠવાઈ જાય છે એવું અસામાન્ય વ્યક્તિ ડૉ. જયંતિ રવિ ગાંધીનગર માટે

સાવ પોતીકું-જાણીતું અને સામાન્ય વ્યક્તિત્વ છે...

અસામાન્યમાં ગણના ત્યારે જ થાય જ્યારે તેમનું વ્યક્તિત્વ અત્યંત સામાન્ય હોય. ડૉ. જયંતિ રવિએ મદ્રાસ યુનિવર્સિટીમાંથી ન્યુક્લિયર ફિઝિક્સ વિષય સાથે અનુ સ્નાતકની પદવી મેળવ્યા પછી, વિશ્વની ટોચની હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી ઈ-ગવર્નીંગમાં પીએચડી કર્યું છે. ગાંધીનગરના સેક્ટર-૧માં રહેતા ડૉ. જયંતિ રવિના પતિ રવિ ગોપાલન ગાંધીનગર જી.આઈ.ડી.સી.માં જ આર્ગ્યુસોફ્ટ નામની કંપનીનું સંચાલન કરે છે. ફ્લોરિડા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીમાં ભણેલા મૃદુભાષી રવિ ગોપાલનજી હ્યુમન ડેવલોપમેન્ટ ટેકનોલોજીના કારોબારમાં છે. આગવી બુદ્ધિ પ્રતિભા ધરાવતા ડૉ. જયંતિ રવિ સંગીત અને નૃત્યમાં પણ માહેર છે. કર્ણાટકી શાસ્ત્રીય ગાયનમાં નિપૂણ ડૉ. જયંતિ રવિએ ગાયેલું મહિષાસુર મર્દિની સ્તોત્ર પણ આજકાલ લોકોએ યુ-ટ્યુબ અને વૉટ્સએપ પર ભારે વાયરલ કર્યુ છે.

લગભગ ૧૧ જેટલી ભાષાઓ જાણતા દક્ષિણ ભારતીય સન્નારી ડૉ. જયંતિ રવિ ફાંકડું ગુજરાતી બોલી જાણે છે, એટલું જ નહીં દક્ષિણ ભારતીય સ્વરોમાં હમણાં જ મહાશિવરાત્રીએ પોતાના શિષ્યો સાથે સેક્ટર-૧ના શમદર્શન આશ્રમમાં નામ સંકિર્તન પ્રસ્તુત કર્યુ હતુ. ગાંધીનગરના સમદર્શન આશ્રમમાં પૂ. ગુરૂમાના સાનિધ્યમાં હાથમાં મંજીરા લઈને ભજનો લલકારતા હોય ત્યારે કોઈ એમ ન કહે કે આ એજ

● અનુસંધાન પાન-૭ પર

લોકડાઉનની સાથે સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવવાના મામલે જાગૃતિનો અભાવ

સતત છઠ્ઠા દિવસે લોકડાઉન વચ્ચે નગરજનો ઘરમાં સુરક્ષિત : બે વ્યકિત વચ્ચે ચોક્કસ અંતર જાળવવા માટે નાગરિકોએ વધુ જાગૃત થવાની અનિવાર્યતા

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં કોરોના વાયરસના કહેર વચ્ચે છેલ્લા ૬ દિવસથી લોકડાઉનની સ્થિતિ જોવા મળી રહી છે. લોકડાઉન વચ્ચ નગરમાં બધુ જ બંધ છે. જયારે હવે તો ગરમીનો પારો પણ ઉંચકાતા બપોરના સમયે આમ પણ બહાર નિકળવામાં મજા નથી ત્યારે લોકડાઉન સાથે સોશિયલ ડીસ્ટન્સીંગના અમલ માટે પણ નગરજનો વધુ જાગૃત થાય તે અનિવાર્ય હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેતી વેળાએ કેટલાક ઠેકાણે સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાતુ ન હોવાનો રોષ પણ વ્યકત થઈ રહ્યો છે.

શહેરમાં આજે સતત છઠ્ઠા દિવેસ લોકડાઉનના લીધે શહેરમાં સતત ખાલીપો જોવા મળ્યો હતો. લોકડાઉનના લીધે નાગરિકો મોટાભાગે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા જ બહાર નિકળી રહ્યા છે. લોકડાઉનના સતત ઘરમાં રહેતા નાગરિકો અવનવા નુસ્ખાઓથી સમય પસાર કરી રહ્યા છે. જયારે મોટાભાગના વર્ક ફ્રોમ હોમના અભિગમ સાથે ટાઈમ પાસ કરે છે. નાના બાળકો પણ જાતજાતની ગેમ રમીને ઘરમાં આનંદ કરી રહ્યા છે. જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવા માટે બહાર નિકળતા નાગરિકો હજુ પણ સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવતા ન હોવાનો રોષ વ્યકત થઈ રહ્યો છે. કરિયાણાની દુકાનો પર ખાસ આ દ્રશ્યો જોવા મળી રહ્યા છે. કોરોના વાયરસને માત કરવા માટે પ્રધાનમંત્રીએ આગામી તા ૧૪ એપ્રિલ સુધી લોકડાઉનની જાહેરાત કરી છે ત્યારે નાગરિકો પણ કોરોના સામે લડત આપવા માનસિક રીતે તૈયાર છે.

સેવા સંસ્થાઓ દાન અને સેવાકાર્યો કરીને ગરીબો તેમજ જરૂરિયાત મંદોને મદદ પહોચાડવાનુ ઉમદા કાર્ય કરે છે. આવા સંજોગોમાં હજુ પણ લોકડાઉનમાં કામ સિવાય ઘરની બહાર નિકળતા કેટલાક નાગરિકો અન્યનુ હીત પણ જોખમમાં મુકતા હોવાનો રોષ પણ બુધ્ધિજીવીઓ ઠાલવી રહ્યા છે. ત્યારે પોલીસ પણ સતત સેકટરોમાં પેટ્રોલીંગ કરીને લોકડાઉનનો કડક અમલ થાય તે માટે પ્રયત્નશીલ છે. શહેરમાં લોકડાઉન વચ્ચે ગરમીનો પારો પણ ઉંચકાયો છે.

ત્યારે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં આમ પણ નગજનો ઘરમાં રહેવાનુ પસંદ કરે છે. જયારે આ સ્થિતિ વચ્ચે ઘરની બહાર નિકળવુ સલાહભર્યુ ન હોવાની અપીલ પણ સતત આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. નગરજનોને સતત મીડીયાના માધ્યમથી ઘરમાં જ રહેવા જણાંવામાં આવી રહ્યુ છે શહેરમાં કામ સિવાય ઘરની બહાર નિકળતા નાગરિકો સામે પોલીસે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે જરૂરીચીજવસ્તુઓ માટે ઘરની બહાર નિકળતા નાગરિકો પણ સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવે તે માટે વધુ જાગૃત થવાની અનિવાર્યતા છે.

૧૫ માર્ચ પછી શહેરમાં ૧૬૩ લોકો આવ્યા હોવાનું સેલ્ફ ડેકલેરશન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં ૧૫મી માર્ચ પછી આંતર જિલ્લા, આંતર રાજ્ય કે વિદેશથી આવેલા ૧૬૩ લોકોએ સેલ્ફ ડેકલરેશન કરી આજે મનપાના તંત્રને જાણ કરી છે અને મનપાના આરોગ્યતંત્રની ટીમો દ્વારા આ અંગે તેમના સ્વાસ્થ્ય સહિતના પ્રશ્નો અંગેની ચકાસણીનો આરંભ પણ પ્રારંભ કરી દીધો છે.

મળતી વિગતો પ્રમાણે ગઈકાલે મનપાના કમિશ્નરશ્રી દ્વારા આ અંગે જારી કરાયેલ જાહેરનામા બાદ ૫૯ વ્યક્તીઓએ કંટ્રોલ રૂમ પર ફોન કરી, ૧૦ વ્યક્તીઓએ ટેક્સ મેસેજથી, ૨૪ વ્યક્તીઓએ વ્હોટસએપ મેસેજથી, ૩ વ્યક્તીઓએ વ્હોટસએપ કોલથી, અને ૬૭ વ્યક્તીઓએ મહાનગરપાલિકાની વેબસાઈટ પર ફોર્મ ભરી સેલ્ફ ડેકલરેશન કર્યુ છે.

તંત્ર દ્વારા આ તમામ વ્યક્તીઓની ચકાસણી અને આરોગ્યની તપાસ માટેની કામગીરી પણ બપોર બાદ શરૂ કરી દીધી છે.

બીજી તરફ શહેરમાં ૧૫૦ જેટલી ટીમો દ્વારા નગરજનોના હેલ્થ સર્વેનું કામ પણ ડોર ટુ ડોર સઘન બનાવવામાં આવ્યું છે.

શહેરના જાણીતા પત્રકાર - તંત્રી રાજુભાઈ પાટડિયાનું નિધન

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના જાણીતા પત્રકાર અને પ્રજા પડકારના તંત્રી રાજુભાઈ પાટડિયાનું મોડીસાંજે અમદાવાદ ખાતે સારવાર દરમિયાન નિધન થયું હતું. રાજુભાઈ પાટડિયા વર્ષોથી ગાંધીનગરમાં પત્રકારત્વ ક્ષેત્રે સફળતાપૂર્વક કામગીરી કરી રહ્યા હતા. તેઓ મિલનસાર સ્વભાવ ધરાવતા હતા. સેક્ટર-૮ સરકારી વસાહતમાં વિવિધ પ્રવૃત્તિઓનું નેતૃત્વ પણ સંભાળતા હતા.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ મર્યાદિત સંબંધીઓની વચ્ચે સદ્ગતના પાર્થીવ દેહનો અંતિમ સંસ્કાર ગાંધીનગર ખાતે કરાયો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com